# GUJARATI

*(Three hours)*

*(Candidates are allowed **15** minutes for **only** reading the paper.*
*They must **NOT** start writing during this time.)*

---

*Answer questions **1, 2** and **3** in Section **A** and **four** other questions from Section **B** on at least **three** of the prescribed textbooks.*

*If you answer two questions on any **one** book, do not base them both on the **same** material.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

## SECTION A

1. Write a composition in Gujarati on any **one** of the topics given below:- [20]

નીચે આપેલા વિષયોમાંથી **એક** પર ગુજરાતીમાં નિબંધ લખો :—

(૧) પ્રકૃતિને અંગ અંગ ઋતુઓનો રંગ રંગ.

(૨) જો મને પંખીની પાંખ મળી જાય......

(૩) વર્તમાન-સમયમાં વૃદ્ધોની એકલતા.

(૪) 'ધનવાન કરતાં બુદ્ધિમાન ચડિયાતો' આ કથનની વિરુદ્ધ અને તરફેણમાં તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

(૫) ઈન્ટરનેટની સારી-માઠી અસરો.

(૬) નીચેનામાંથી કોઈ પણ **એક** વિશે એક મૌલિક વાર્તા લખો :—

(i) પસ્તાવો (પ્રાયશ્ચિત)

(ii) વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી.

2. Read the following passage and answer the questions that follow:-

નીચેનો ગદ્યપરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો :—

**OR**

**અથવા**

Summarize it to one third and give a suitable heading :—

ગદ્યપરિચ્છેદના ત્રીજા ભાગ જેટલો ટૂંકો સારાંશ લખી યોગ્ય શીર્ષક આપો :—

એક રાજ્યમાં એવી પ્રથા કે રાજા વંશ વગર મૃત્યુ પામે તો નવો રાજા શોધવા રાજાના હાથીને છૂટો મૂકવો. હાથી પોતાની સૂંઢ વડે જેને માથે બેસાડે તેને રાજા બનાવવો. એકવાર રાજા વંશ વગર અવસાન પામ્યા. મંત્રીઓએ રીવાજ પ્રમાણે હાથીને છૂટો મૂક્યો. હાથીએ એક સંન્યાસીને માથે બેસાડ્યા. મંત્રીઓ અને પ્રજાએ તેમનું રાજા તરીકે સ્વાગત કર્યું. રાજ્ય સંભાળવા વિનંતી કરી. સંન્યાસીએ કહ્યું, 'ભાઈઓ, હું તો સંન્યાસી છું. મને રાજકાજનો અનુભવ નથી. મારે કંઈ ન જોઈએ. મને મુક્ત કરો.' પણ મંત્રીઓ અને પ્રજા માન્યાં નહીં.

રાજગાદી પર બેસી સંન્યાસીએ સંન્યાસી જેવો જ વ્યવહાર રાખ્યો. ખપ પૂરતું જ લેવું, મોજ-શોખ માટે વધારાની માગણી નહીં, ખોટી ડખલ નહીં, પ્રેમથી કામ લેવું. તેનું જોઈ મંત્રીઓએ પણ એ પ્રમાણે કામ કરવા માંડ્યુ. રાજ્ય સારું ચાલવા લાગ્યું. સમૃદ્ધિ વધી. પ્રજા રાજી થઈ.

પડોશી રાજ્યના રાજાએ પડખે ભલોભોળો સંન્યાસી રાજા આવ્યો છે તેથી બાજુના રાજ્યને જીતી લેવાનો મોકો તેને દેખાયો. લાવલશ્કર સાથે તેણે કૂચ કરી મંત્રીઓએ, રાજા લશ્કર લઈ યુદ્ધ કરવા આવી રહ્યો છે, પ્રજા પર જુલમ કરશે તેથી લશ્કરને લડવા મોકલવું જોઈએ એમ જણાવ્યું.

સંન્યાસી રાજાએ જાણ્યું કે પડોશી રાજાને રાજ્ય લઈ લેવું છે ત્યારે બોલ્યા, 'આપણે લશ્કર મોકલવા કે લડાઈ કરવાની કોઈ જરૂર નથી. એને આવવા દો.'

બાજુવાળો રાજા લશ્કર સાથે આવ્યો. લડવા માટે સામે કોઈ લશ્કર નહીં. પ્રજામાંથી કોઈ વિરોધ નહીં. તે તો છેક રાજદરબાર સુધી પહોંચ્યો. રાજાએ કહ્યું, 'હું લડવા આવ્યો છું, તમારો શો જવાબ છે ?'

સંન્યાસી રાજાએ પૂછયું, 'તારે શા માટે લડવું છે ?'

પેલાએ જવાબ આપ્યો, 'તમારું રાજ લઈ લેવા.'

સંન્યાસી રાજાએ કહ્યું, 'તો તે લઈ લેને ભાઈ, અમારે શું કરવું છે ? આજથી તું રાજ કર.'

સંન્યાસી રાજાના આવા ત્યાગથી પડોશી રાજ્યનો રાજા હેબતાઈ ગયો. લડાઈ અને રાજ-લાલસાની નિરર્થકતા તેને એક ક્ષણમાં સમજાઈ ગઈ. તે સંન્યાસી-રાજાના પગમાં પડયો. લડાઈ, મૃત્યુ, હિંસામાંથી પ્રજા બચી ગઈ. ત્યાગ, અહિંસા ને પ્રેમની શક્તિ આવી મહાન છે.

**પ્રશ્નો :–**

(૧) રાજાના અવસાન બાદ મંત્રીઓએ રાજ્યના કપરા રીવાજનું શા માટે પાલન કર્યું ? [4]

(૨) સંન્યાસીએ કઈ રીતે મંત્રીઓનું જીવન બદલી નાખ્યું ? તેનું શું પરિણામ આવ્યું ? [4]

(૩) પડોશી રાજાએ હુમલો કરવા કેમ વિચાર્યું ? સંન્યાસી રાજાએ તેથી બચવા શું ઉપાય કર્યો ? [4]

(૪) પડોશી રાજાનું હૃદય પરિવર્તન કોણે કઈ રીતે કર્યું ? [4]

(૫) 'ત્યાગ, પ્રેમ અને અહિંસાની શકિત મહાન છે.' એવું શાથી કહી શકાય. તમારા જવાબને સમર્થન આપવા એક ઉદાહરણ આપો. [4]

3. (a) Explain the meaning of the following phrases and idioms and use them in sentences of your own :- [4]

નીચે આપેલ કહેવતો અને રૂઢિપ્રયોગોનો અર્થ લખી તેને વાક્યમાં પ્રયોજો

૧. આંખનું કાજળ ગાલે ઘસવું.

૨. મોંમાં પાણી વળવું.

૩. તોરણ બંધાવું.

૪. ટીકી ટીકીને જોવું.

(b) Give opposites of the following words:- [2]

વિરોધી શબ્દો લખો :—

વ્યર્થ, કંગાળ, વિદાય, તૃપ્ત.

(c) Give one word for the following words (Any **four**): [2]

એક શબ્દમાં લખો (કોઈપણ ચાર) :—

૧. દહીં વલોવવાનું દોરડું

૨. અટક્યા વિના સતત ચાલતું રાખવું

૩. કલંક વિનાનું

૪. બરફથી ઢંકાયેલું

૫. પાણી ભરવાનું ચામડામાંથી બનાવેલું કોથળી જેવું સાધન

૬. માતાનું ઘર

(d) Change Tenses (do as directed) Any **two**: - [2]

સૂચના પ્રમાણે કાળ પરિવર્તન કરો (કોઈપણ બે ) :—

૧. તેમની તીવ્ર યાદશક્તિ આદર ઉપજાવે એવી છે.(ભવિષ્ય કાળ)

૨. કદાચ તેનો દીવો પણ ધારણ કર્યો છે. (ભૂતકાળ)

૩. દીન બની પાંજરામાં બેસતા કે સૂતા,(વર્તમાન કાળ)

## SECTION B

*Answer any **four** questions on at least three of the prescribed textbooks.*

*કોઈ પણ ત્રણ પાઠ્યપુસ્તકોના કુલ ચાર પ્રશ્નોના જવાબ લખો.*

### ગુજરાતી પ્રથમ ભાષા

4. અદના સેવક - ભવાન ભગતનું ચરિત્રચિત્રણ કરી તેમને હાંસિલ કસબોમાંના કોઇ એકનું વર્ણન કરો. [12½]

5. “ડીમ લાઇટ” એકાંકીમાં પ્રગટ થતો અમલદારી મિજાજ પર ટૂંકનોંધ લખી આ એકાંકીમાં સાંપ્રત પરિસ્થિતિનું ચિત્ર છે એવું બે ઉદાહરણો દવારા સાબિત કરો. [12½]

6. લોકગીત એટલે શું ? સમજાવો. ‘રંગ મોરલી’ માં વ્યક્ત થતું નવવધૂનું રુસણું છેવટે કઇરીતે દૂર થાય છે તે વર્ણવો. [12½]

### સાપના ભારા

7. નારી જીવનમાં જન્મથી જ વિષમ પરિસ્થિતિ સર્જાય છે એ ‘શલ્યા’ માં શી રીતે રજૂ થયું છે તે ઉદાહરણો આપી સમજાવો. [12½]

8. ‘બારણે ટકોરા’ ની નંદુ ગોરાણી અને 'કડલાં' ની હેતીના મનોભાવો કે આદર્શો ગરીબીની વાસ્તવિકતા સામે લડતા હીર ગુમાવી હારી જાય છે તેની કરૂણતા સમજાવો. [12½]

9. ‘ઊડણ ચરકલડી’ માં એકપણ વ્યક્તિ દુષ્ટ નથી, નથી કોઈને ચંદણી માટે દ્વેષ કે વેરઝેર અને તેમ છતાં કુંવારી કન્યાના કોડ-પરણવા માટેના પૂરા થાય તેમાં પણ તેના જીવનની કરૂણતા જ પ્રગટ થાય છે. આ કૃતિમાં કર્તા શું કહેવા ઇચ્છે છે તે સ્પષ્ટ કરી તેની વિશેષતા દર્શાવો. [12½]

## દિવ્યચક્ષુ

10. દિવ્ય ચક્ષુ—પ્રજ્ઞાચક્ષુ નો અર્થ સમજાવી. અંધ બનેલા, આંખો અને દૃષ્ટિ ગુમાવેલા જનો માટે પ્રયોજી ધનાભગત અરુણના પાત્ર દ્વારા કેવા ભાવો દર્શાવે છે ? તેમના માનસનો–વિચારોનો પરિચય આપો. [12½]

11. ક્રિસનના ધર્માન્તરણના ખ્રિસ્તીઓના પ્રયાસો વર્ણવી ધનાભગતની જીવન ફિલસૂફી વિશે વિવરણ કરો. [12½]

12. 'દિવ્યચક્ષુ' માં કોઈ કોઈ જગાએ સરઘસનું, આગનું વગેરે જેવા કેટલાક સુંદર શબ્દચિત્રો છે. એમાંથી કોઈ પણ એક તમારા શબ્દોમાં લખો. [12½]

## યુવક ભારતી

13. 'નેણ ના ઉલાળો' કાવ્યના કવિનો પરિચય આપી તેમાં વ્યક્ત થયેલ પ્રણયભાવને તમારા શબ્દોમાં આલેખો. [12½]

14. 'કુંવરભાઈ' કાવ્યના પ્રકારની વિશેષતા જણાવી નરસિંહ મેહતાનું પાત્રાલેખન કરો. [12½]

15. 'પછી એવું ના બને કે આપણે બધાએ સંતાતા ફરવું પડે.' કોણ, કોને, અને ક્યારે કહે છે? આ પાઠમાં રજૂ થતી વ્યકિત સંબંધ પરત્વેની ઉમાશંકર જોશીની તટસ્થતા સ્પષ્ટ કરો. [12½]